# વાસણ માંજવાનું વિચાર વલોણું

આપણે ત્યાં ઘણા પ્રકારના યજ્ઞ થાય છે પણ એક યજ્ઞ એવો છે જે 365 દિવસ ચાલે છે. અને તેમાં કર્તા સિવાય બીજા કોઈની જરૂર પડતી નથી. તેમાં તો કર્તા પોતે જ એ યજ્ઞ કરાવે છે અને પોતે જ આહુતિ આપે છે. અને તૃપ્ત થઈને રસીદ પણ તરત જ આપે છે. આવો યજ્ઞ એટલે ભોજનયજ્ઞ. જો જમવું એ એક યજ્ઞ ગણાતો હોય તો જમ્યા પછી વાસણ માંજવા એ પણ એક મહાયજ્ઞ ગણાય. આમ જુઓ તો વાસણ માંજવાના કાર્યનું બહુ મહાત્મ્ય નથી. વળી ઘરમાં પત્ની જાતે જ વાસણ માંજી નાખતી હોય ત્યારે તે કાર્ય ખાસ નોંધપાત્ર ગણાતું નથી. પરંતુ જ્યારે પતિને જાતે વાસણ માંજવાનો સમય આવે (કારણ કંઈ પણ હોય) ત્યારે તેને સમજાય કે આ વાસણ મંજનનું કાર્ય કવિતા કે હાસ્યલેખ લખવા જેટલું સહેલું નથી.

આજકાલ મોટાભાગના લોકો બીજાને ઘસીને પોતે ઉજળા થાય છે. નેતાઓ જનતાને ઘસીને પોતે ઉજળા થઈને ફરે છે.'એક પણ 'શ્રી' વગરના' રવિશંકર મહારાજે કહ્યું છે કે 'ઘસાઈને ઉજળા થઈએ.' પણ એ થોડો મુશ્કેલ માર્ગ છે. (થોડામાં ઘણું સમજવું.) ઉજળા થવાની શરૂઆત ઘરથી કરો. ઘરમાં વાસણ ઘસીને ઉજળા થઈ શકાય. ઘરમાં તમે જેટલી વાર વાસણ માંજી આપશો એટલી વાર પત્ની તમને પ્રશંસાથી માંજી આપશે. તેથી સંસાર હર્યો ભર્યો રહેશે. સંસાર રીપેરીંગ કરનારા વાંઢા/વાંઢીઓ (વકતાઓ) બહુ મોટી ફી લઈને આવી ટિપ્સ આપે છે. જે અહીં સાવ મફતમાં છે માટે મંડી જાઓ! (ટિપ્સ મેળવવા નહીં, વાસણ માંજવા.)

આપણા સમાજમાં કવિઓની વ્યથાને અને તેમની કવિતાને કેટલીકવાર કવિ સિવાય કોઈ સમજી શક્યું નથી મારા એક કવિ મિત્રે મને ફરિયાદી સ્વરે છતાં કાવ્યમય લયમાં કહ્યું, "હું આટલી ઉત્કૃષ્ટ કવિતાઓનું સર્જન કરૂં છું. ઘણા મૂર્ધન્ય સાહિત્યકારોએ તેના પર પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી છે. આમ છતાં મારી પત્નીએ મારી કૃતિની ક્યારેય પ્રશંસા કરી નથી." પ્રત્યુતરમાં મેં કહ્યું કે આ બાબતે મોટાભાગના સર્જકો લગભગ સમદુ:ખિયા છે! આમ છતાં જે સર્જકો જાહેરમાં મંચ પરથી એવું કહેતા હોય કે મારા સર્જનને મારી પત્ની ખૂબ વખાણે છે. (અલબત્ત, વાંચ્યા વગર જ!) તો સમજવું કે તેનું રહસ્ય સાવ જુદું જ હશે. ઉપરોક્ત ફરિયાદ કરનાર કવિરાજને મેં કહ્યું, "તમે તમારી પત્નીને ક્યારેય વાસણ માંજી આપ્યા છે!?" કવિરાજે કહ્યું, ના કદાપિ નહીં,

મેં કહ્યું, "તો પછી પ્રશંસા કેવી રીતે કરે!"

આમ જે કોઈ કવિ, લેખક, કલાકાર પોતાની પત્ની પાસેથી પોતાની પ્રશંસાની અપેક્ષા રાખતા હોય તેમણે ઉત્કૃષ્ટ સર્જનની સમાંતરે ઉત્કૃષ્ટ ગૃહકાર્ય કરવું જરૂરી છે. આપણે ફક્ત પ્રાથમિક શાળામાં ભણી લઈએ એટલે ગૃહકાર્ય પૂરું થઈ જતું નથી. સાચું ગૃહકાર્ય તો લગ્ન પછી જ શરૂ થાય છે. એટલે જો વાસણ માંજી આપશો તો વગર કહ્યે તમારી પર્સનાલીટીની, તમારી કૃતિની, તમારા પોશાકની પ્રશંસા બધાની સામે બે મોઢે કરશે, બાકી, પ્રશંસા કાંઈ મારગમાં નથી પડી.

ધારો કે આપણી પાસે પૈસા ન હોય ત્યારે આપણને દાન કરવાના વિચારો આવે છે અને લોકો સામે વિચારો વ્યક્ત પણ કરીએ. પણ ખરેખર પૈસા આવે ત્યારે વિચારો બદલાઈ જાય છે.એ જ રીતે જમ્યા પહેલાંના અને જમ્યા પછીના વિચારોમાં પણ જમીન આસમાનનું અંતર હોય છે. વળી જમતી વખતે બાસુંદીનો વાટકો, દાળની વાટકી, થાળી, ચમચી વગેરે પાત્રો જેટલા આકર્ષક લાગે છે જમ્યા પછી તે જ વાસણોનો ચોકડીમાં ઢગલો જોવા મળે છે ત્યારે નરી અરાજકતા ફેલાયેલી જણાય છે. વાસણ માંજવાનું કાર્ય કાયમી ધોરણે જમ્યા પછી જ ઉદ્ભવે છે. તેથી કદાચ કોઈ સુ-વરને જમ્યા પહેલા



**જો વાસણ માંજી આપશો તો વગર કહ્યે તમારી પર્સનાલીટીની, તમારી કૃતિની, તમારા પોશાકની પ્રશંસા બધાની સામે બે મોઢે કરશે, બાકી, પ્રશંસા કાંઈ મારગમાં નથી પડી**

એવો સુવિચાર આવતો હોય કે આજે મારે વાસણ પર હાથ અજમાવવો છે. 'વાસણની માંજનારી' આજે ભલે આરામ કરે. પણ પત્નીના હાથની રસોઈ જમ્યા પછી વાસણ મંજન અંગેના વિચારોમાં આમૂલ પરિવર્તન આવે છે. જમતી વખતે એ વિચારો જેટલા દ્રઢ હોય છે તેટલા જ જમ્યા પછી પીગળે છે. તેથી જમ્યા પછી આવો નાનકડો વિચાર સાકાર થતો નથી તે નિરાકાર જ રહે છે. ત્યારે જ આપણને વિચાર આવે કે જમવાના વિચારો સાકાર કરવા જેટલા સહેલા છે. તેટલા વાસણ માંજવાના વિચારો સાકાર કરવા સહેલા નથી. તેથી નિર્ણય ઘનમાંથી પ્રવાહીમાં રૂપાંતર થવાને કારણે થોડી ગિલ્ટી ફિલ થાય ખરી. આમ છતાં જાતક એમ વિચારે કે થોડો આરામ કરી લઉ પછી જાગીને વાસણ માંજીશ. બાકી વાસણ માંજવા એ તો પાકકું!

**ન બોલવામાં નવ ગુણ**
**★ નટવર પંડયા**

આપણા ઋષિમુનિઓ એકાંતમાં જ સાધના કરતા કારણકે એકાંતમાં સાધનામાં ચિત સારી રીતે એકાગ્ર થઈ શકે છે અને જીવ શિવ સુધી પહોંચી શકે છે. કેટલાક દાતાઓ એવા હોય છે કે જમણા હાથે દાન કરે તો ડાબા હાથને પણ ખબર પડવા દેતા નથી. જે રીતે આપણા ઋષિમુનિઓ ગુફાઓમાં જઈ ગુફાના બારણા આડે અંદર મોટા પથ્થરો મૂકીને ગુફામાં એકાંતમાં સાધના કરતા. આવી કઠોર સાધનાનું તેમને ફળ પણ મળતું જ. એ જ રીતે પતિઓ પણ એકાંતનું મહાત્મ્ય સમજે છે. તેથી કેટલાક પતિદેવો કોઈ ઘેર ન હોય ત્યારે એકાંતનો લાભ ઉઠાવે છે. અને ઘરના બારીબારણા બંધ કરી વાસણો માંજી નાખે છે. વળી આપણે ત્યાં કહેવત છે કે વાસણો ભેગા હોય તો ખખડેય ખરા. પણ અહીં તો પતિદેવ એ કહેવતની ખોટી પાડે છે. તેઓ જ્યારે વાસણ માંજે છે ત્યારે વાસણ માંજવાની ચોકડી ને પણ ખબર પડવા દેતા નથી. વાસણો માંજતા પતિદેવ વાસણો ભેગા હોવા છતાં જરા પણ ખખડે નહીં એ રીતે વાસણો માંજીને અરીસા જેવા ચકચકિત કરી નાખે છે. ત્યારે બહારથી આવેલી પત્ની માંજેલા વાસણો જોઈને આશ્ચર્યચકિત થઈ જાય છે. પતિ પર વારી જાય છે. પતિને પણ આવી સેવાનું ફળ તો મળે જ. માટે દરેક પતિદેવોએ એકાંતનો લાભ લેતા શીખો એ બહાને તમારો હાથ વળશે.

કેટલાક લોકો આરામ કરતા કરતા વાસણ મંજનના વિચારને મજબૂત બનાવવા અર્ધજાગૃત મનને વારંવાર સંદેશા આપે છે. તેથી વિચાર મરી પરવારતો નથી પણ કાર્ય થોડું થોડું આગળ ઠેલાતું રહે છે. આવા વિચારો સાથે જાતક આરામ ફરમાવે છે. તેથી 'જમ્યા પછી વાસણ માંજીશ' એ વિચાર જીવંત રહે છે. આરામ જ્યારે થોડો લંબાઈને ઊંઘમાં પરિણમે છે આમ બે કલાકની ઊંઘ ખેંચ્યા પછી જાગીને વાસણ માંજવાની ચોકડીમાં જુએ તો વાસણ ગાયબ! છેવટે તે પત્નીને પૂછે કે વાસણો તે માંજી નાખ્યા!? તો પત્ની કહે, "તો કોણ મારો કાકો માંજવા આવે!" પત્નીના આવા અણધાર્યા ઉત્તરથી જાતક હળવો આઘાત અનુભવે છે. આમ છતાં પણ વાસણ માંજવાના વિચારને 'ફરી ક્યારેક માંજીશું' એવા સ્વરૂપે જીવંત રાખે છે અને જ્યાં સુધી વિચાર જીવે છે ત્યાં સુધી માણસ જીવે છે એમ સમજવું. (સમજવું હોય તો! બાકી તમારી ઈચ્છા!)

બહુ પહેલાં ના સમયમાં જમણવારમાં પતરાળીનો ઉપયોગ કરવામાં આવતો. એટલે વાસણો માંજવાનો પ્રશ્ન રહેતો નહીં. પણ એવું કહેવાય છે કે જમી પરવારી ગયેલા લોકોની પતરાળી ઉઠાવવી એ કાર્યમાં બહુ મોટું પુણ્ય રહેલું છે, એ જ રીતે જમણવાર પછી જે લોકોને નિ:શુલ્ક ધોરણે વાસણો માંજે છે તેને ભોજન કરાવનાર જેટલું જ પુણ્ય મળે છે. પુણ્યની આવી જબરદસ્ત સ્કીમ આદિકાળથી શ્રી ભગવાને લોન્ચ કરી હોવા છતાં આજકાલ કોઈ આ સ્કીમનો લાભ લેવા આગળ આવતું નથી.જેને કારણે થાય છે એવું કે ઘરમાં પત્ની જ ભોજન બનાવે, જમાડે અને વાસણોય પત્ની જ માંજે. એટલે તેને બમણું ફળ મળે છે. ધીમે ધીમે તેના પુણ્યનો પ્રતાપ એટલો બધો વધી જાય છે કે આવતા જન્મમાં તેને 'દેવ જેવો પતિ' મળે છે. પછી નેક્સ્ટ જન્મમાં મળેલા 'દેવ જેવા પતિ' ને કારણે પત્ની આખી જિંદગી વાસણ માંજવા પડતા નથી. તે બધું હોમવર્ક 'પતિદેવ' સંભાળી લે છે. આમ 'દેવ જેવો પતિ' અને 'પતિદેવ' બંને તદ્દન ભિન્ન બાબતો છે. જો કે કુશળ ગૃહિણીઓ તો પતિદેવનું પણ દેવ જેવા પતિમાં રૂપાંતર કરી શકે છે.

પહેલાના સમયમાં જમણવારમાં કેટરર્સનો કુરિવાજ નહોતો કે લોકો જમી ને પછી રવાના થઈ જાય. પહેલાના સમયમાં જ્યારે જમણવાર થતાં ત્યારે ઘણીવાર સગા સંબંધીઓની સ્ત્રીઓ છેલ્લે સાથે મળીને વાસણો માંજતી. તે જમાનામાં જાતે જ રાંધવું, જાતે પીરસવું, જાતે વાસણ માંજવા, એવું હતું. આવા સમયે કેટલીક ગૃહિણીઓ જમવામાં આગળ રહેતી અને જમ્યા પછી છૂમંતર થઈ જતી અને નજીકમાં કોઈ સગાસંબંધીને ઘેર જઈ આરામ ફરમાવતી. કારણ કે જો તે ગૃહિણી જમણવારના ઘટના સ્થળ પર હાજર હોય તો જરૂર કોઈને કોઈ તેને વાસણ માંજવા બેસાડે. પછી મને કમને વાસણ માંજવા પડે. જ્ઞાતિના કે અન્ય કોઈ જમણવારમાં કેટલાક સેવાભાવનાથી ફાટફાટ થતા ભાઈઓ પણ હોય છે. તેઓ પણ કેટલીક વાર વાસણ માંજવા લાગી જાય છે. જો અમુક સ્ત્રીઓ વાસણ માંજતી હોય તો ભાઈઓના હૃદયમાં સેવાની જ્યોત ઝળહળી ઊઠે છે. તેથી તેઓ પણ પેન્ટના પાયચા અને શર્ટની બાયો ચડાવી બહેનોની સામે હસતા મુખે વાસણ માંજવા બેસી જાય છે. બહેનો થોડાક ક્ષોભ સાથે કહે કે 'ભાઈ તમે રહેવા દો અમે માંજી નાખશું, તમને નહીં ફાવે.' ત્યારે ભાઈ કહે છે, "અરે બહેન,આતો ન્યાતની સેવા છે. સેવા ક્યાંથી! આમાં તો નાણું મળે પણ ટાણું ન મળે. માટે થાય એટલી સેવા કરી લેવાય." આવી સેવા ભાવનાથી લથબથ થઈ ગયેલા ભાઈને જોઈને બહેનોને પણ ખ્યાલ આવી જાય કે હવે આ ભાઈને સેવાના માર્ગેથી પાછા વાળવા મુશ્કેલ છે. જો કે ભાઈ એકલા આવ્યા હોય ત્યારે જ તેમની સેવાભાવના આટલી પ્રબળ બને છે. સજોડે હોય ત્યારે હૃદય પર પથ્થર મૂકીને સેવા ભાવનાને સાતમે પાતાળ ધરબી દે છે. આમ પુરુષોમાં સેવાભાવના અમુક સંજોગોમાં વિશેષ ખીલે છે. તેનો લાભ સમાજને મળે છે આશા રાખીએ કે ભાઈઓમાં આવી સેવાભાવના ઘેર (પોતાના) પણ પ્રગટે!

## ગરમાગરમ

*શિક્ષક:- (વર્ગખંડના વિદ્યાર્થીઓને) અંગ્રેજો સામેની લડાઈમાં ગાંધીજીની મહેનત રંગ લાવી તેમાં 15 મી ઓગસ્ટે આપણને શું મળ્યું?*

*વિદ્યાર્થી (બળવંત):-એક રજા સાહેબ*